ઉધનામાં પીઆઈ ઠાકોરની નિષ્ક્રિયતાથી કાયદો-વ્યવસ્થા ખાડે!

ઉધારીના બાકી પૈસા માંગતા ભીમનગર આવાસ પાસે વેપારીને આંતરી પીઠમાં કોયતાના ઘા ઝીંક્યા

હત્યાઓની વણઝાર વચ્ચે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગ કેમ ચૂપ છે?

સુરતઃ સૂર્યનગરી સુરત હવે જાણે ગુનાખોરીની નગરી બની રહી છે. ઉધના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડી ગયા છે. થોડા દિવસ પહેલા દારૂના સ્ટેન્ડની લડાઈમાં જય દલાલની ઘાતકી હત્યા કરાઈ, ત્યાં જ લઘુશંકા કરતાં એક નિર્દોષ ઈસમ પર જીવલેણ હુમલો થયો હતો. આ આઘાત હજુ શમ્યો નહોતો ત્યાં જ ઉધના મોરારજી વસાહતમાં વિક્કી નામના યુવકની નિર્મમ હત્યાથી સમગ્ર વિસ્તાર ધ્રુજી ઉઠ્યો છે. હવે ઉધારીના બાકી પૈસા માંગતા ભીમનગર આવાસ પાસે કરિયાણાના વેપારીને આંતરી પીઠમાં કોયતાના ઘા ઝીંક્યા હતા. ઉપરાછાપરી બનેલી આ લોહિયાળ ઘટનાઓએ કાયદાના રક્ષકો સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ઉધના પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એમ. ઠાકોરની ઢીલી અને નિષ્ક્રિય કામગીરીને કારણે આજે ગુનેગારો બેફામ બન્યા છે. ખાખીનો ખોફ ક્યાં ગાયબ થઈ ગયો છે? શું પોલીસ માત્ર તમાશો જોવા માટે જ છે? જો સુરક્ષાના દાવાઓ વચ્ચે પણ આમ નાગરિકો રસ્તા પર સુરક્ષિત ન હોય, તો આનાથી મોટી વહીવટી નાકામી બીજી કઈ હોઈ શકે? આ તમામ નિષ્ફળતાઓ વચ્ચે ઉધનામાં વધુ એક લોહિયાળ ઘટના નોંધાઈ છે. ડિંડોલી ખરવાસા રોડ સ્થિત કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા અને કરિયાણાનો વેપાર કરતાં ૩૩ વર્ષીય અમોલ ગજાનંદ અરુળકર (મૂળ રહે., અકોલા, મહારાષ્ટ્ર) પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ, ગત ૧૭ જુલાઈના રોજ રાત્રે સાડા નવેક વાગ્યે અમોલભાઈ ઉધના ભીમનગર આવાસ બિલ્ડિંગ નં.૩૪ માં આવેલી તેમની દુકાનેથી ઘરે જવા નીકળ્યા હતા. તે જ સમયે ભીમનગર આવાસમાં રહેતા અર્જુન રાજકપુર સિંગ અને પૃથ્વીરાજ જગદીશ ચૌહાણે તેમને આંતર્યા હતા. અઠવાડિયા પહેલાં આ બંને આરોપી દુકાનેથી સામાન લઈ ગયા હતા અને તેના પૈસા ચૂકવ્યા ન હતા. અમોલભાઈએ પૈસા માંગતા અગાઉ ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ જ અદાવત રાખીને અર્જુનસિંગે અમોલભાઈનો કોલર પકડી લીધો હતો અને પૃથ્વીરાજે પાછળથી પીઠના ભાગે કોયતા વડે જીવલેણ ઘા ઝીંકી દીધા હતા અને બંને ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત વેપારીએ ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. હવે જનતા કડક એક્શન અને સુરક્ષાની ગેરંટી માંગે છે, પોકળ આશ્વાસનો નહીં!

અઢી ઇંચમાં જ અઠવા ઝોન પાણીમાં ગરકાવ થતાં

પાલિકા કમિશનરે રાત્રે વરસતા વરસાદમાં રસ્તા પર ઉતરવું પડ્યું

ખાટુ શ્યામમંદિર અને વીઆર મોલ સહિતના વિસ્તારની મુલાકાત લીધી

સુરત : શહેરના પોશ વિસ્તાર તરીકે ઓળખાતા અઠવા ઝોનમાં રવિવારે માત્ર અંદાજે અઢી ઈંચ જેટલા વરસાદમાં જ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં રહેવાસીઓ અને વેપારીઓ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને વીઆઈપી રોડ વિસ્તારમાં પાણી ભરાવાને કારણે વેપારીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને તેમણે વિરોધ પ્રદર્શન કરી મનપા સામે નારાજગી વ્યક્ત કરી હતી.

વેપારીઓના વિરોધ અને પાણી ભરાવાની સમસ્યાની જાણ થતાં જ સુરત મનપા કમિશનર એમ. નાગરાજન રાત્રે વરસતા વરસાદમાં જ મેદાનમાં ઉતર્યા હતા. તેમણે અઠવા ઝોનના વડા ડેપ્યુટી કમિશનર ધર્મેશ મીસ્ત્રી અને કાર્યપાલક ઈજનેર મીનેશ પટેલ સાથે ખાટુ શ્યામ મંદિર, ભગવાન મહાવીર કોલેજ તેમજ વીઆર મોલ વિસ્તારની મુલાકાત લીધી હતી.

કમિશનરે સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓની રજૂઆતો સાંભળી અધિકારીઓને જ્યાં પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બની છે ત્યાં તાત્કાલિક રાહત કામગીરી સાથે લાંબા ગાળાનો કાયમી ઉકેલ તૈયાર કરી અમલમાં મૂકવા કડક સૂચના આપી હતી.

યુએસએમાં સોનાની ખાણમાં રોકાણ કરાવી ઠગાઇના કેસમાં 3 ઝડપાયા

1.63 કરોડના સાયબર ફ્રોડમાં ખાતા ભાડે આપનારા ઉત્તરાખંડના હતા, સાયબર ક્રાઇમમાં સૂત્રધારો ઝડપાતા નથી માત્ર પ્યાદા જ પકડાઇ છે

સુરતઃ નાનપુરામાં રહેતા 62 વર્ષીય કોર્પોરેટ ટ્રેનર અને બિઝનેસ કન્સલ્ટન્ટને યુએસએના નેવાડા રાજ્યમાં આવેલી સોનાની ખાણમાં રોકાણ કરાવી ઊંચા નફાની લાલચ આપીને રૂ. 1.63 કરોડથી વધુની ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં સુરત શહેર સાયબર ક્રાઇમ પોલીસે ઉત્તરાખંડના કાશીપુરમાંથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, ડિસેમ્બર-2024 દરમિયાન નાનપુરામાં રહેતા ફરિયાદી અભય દિગંબર પટવર્ધનનો ફેસબુક મારફતે અંજલી મોદી નામની મહિલાના નામે બનાવટી પ્રોફાઇલ સાથે સંપર્ક થયો હતો. બાદમાં વોટ્સએપ પર વિશ્વાસ કેળવી ગોલ્ડ રશ ગ્લોબલ કેપિટલ (GRGC) મારફતે અમેરિકાના નેવાડામાં સોનાની ખાણમાં રોકાણ કરવાથી ભારે નફો મળતો હોવાનું જણાવી બનાવટી એપ્લિકેશનમાં રોકાણ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ રોકાણ, ટેક્સ, માર્જિન મની, ઓડિટ ફી, ક્રેડિટ સ્કોર અને ઇન્ટરનેશનલ ટ્રાન્સફર ચાર્જ સહિતના વિવિધ બહાના હેઠળ 35 જેટલા અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. 1,63,98,012 ટ્રાન્સફર કરાવી લીધા હતા. ફરિયાદીએ આ રકમ ચૂકવવા માટે પત્નીના દાગીના, ફિક્સ ડિપોઝિટ અને મ્યુચ્યુઅલ ફંડ પણ વેચી નાખ્યા હતા. વધુ રૂ. 52 લાખની માંગણી થતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

સાયબર ક્રાઇમ પોલીસે ઉત્તરાખંડના કાશીપુરમાંથી મોહંમદ ઉવેશ મોહંમદ નસરુદ્દિન (ઉ.વ.૨૪, રહે.વિજય નગર, નઈબસ્તી), મોહંમદ સુમૈર મોહંમદ શાહિદ, (ઉ.વ.૨૪,રહે. મઘર કોલોની, મહોલ્લા મહેશપુરા પશ્ચિમ) અને મોહંમદ ઈઝહાર મોહંમદ ઈલિયાસ(ઉ.વ.૪૮, રહે.અલીખાન ચોક, મોહલ્લા અલી ખાન)ને ઝડપી પાડ્યા છે. તપાસમાં સામે આવ્યું છે કે પ્લાસ્ટિકના વેપારી મોહંમદ ઈઝહારે પોતાનું સેવિંગ એકાઉન્ટ રૂ. 8,500ના કમિશન પર સુમૈરને આપ્યું હતું. કરિયાણાના વેપારી સુમૈરે તે ખાતું રૂ. 6,500ના કમિશન પર ઇલેક્ટ્રિશિયન મોહંમદ ઉવેશને આપ્યું હતું, જ્યારે ઉવેશે રૂ. 20 હજાર લઈને તે ખાતું આ ગુનાના વોન્ટેડ મુખ્ય આરોપીને ઉપલબ્ધ કરાવ્યું હતું. પોલીસ તપાસ મુજબ ઈઝહારના બેંક ખાતામાં ફ્રોડના કુલ રૂ.11 લાખ જમા થયા હતા, હાલના નોંધાયેલા ગુના સાથે સંબંધિત અંદાજે રૂ. 2 લાખનું ટ્રાન્ઝેક્શન પણ આ જ ખાતામાં થયું હોવાનું બહાર આવ્યું છે.

ચેક રિટર્ન કેસમાં ફ્લેટ ખરીદનારને 1 વર્ષની સજા

સુરતઃ ફ્લેટમાં વધારાના કામ સહિતનાં ખર્ચ પેટે આપેલાં ચેક રિટર્ન કેસમાં ફ્લેટ ખરીદનારને કોર્ટે એક વર્ષની કેદની સજા ફટકારી હતી. આકાર એન્ટરપ્રાઇઝના ભાગીદાર રમેશભાઈ નરશીભાઈ પટેલે આરોપી આકાશદીપ બાબુભાઈ ઘેલાણી વિરુદ્ધ ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આરોપીએ સિંગણપોર સ્થિત તાપી એન્ક્લેવ પ્રોજેક્ટમાં ફ્લેટ ખરીદ્યો હતો અને ફ્લેટમાં વધારાનું કામ કરાવ્યું હતું. આ વધારાના કામ અને જીએસટી સહિતના ખર્ચની કુલ રકમ રૂ. 3,17,139 થતી હતી. આ બાકી રકમની ચૂકવણી માટે આરોપીએ ચેક આપ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી તરફે એડવોકેટ ચંદ્રેશ પિપળિયા તથા પાર્થ લખાણીએ દસ્તાવેજી પુરાવા રજૂ કરી દલીલો કરી હતી. બંન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપી આકાશદીપને એક વર્ષની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.

વેલંજામાં પિતા પુત્રની બાઈકને અકસ્માત, પિતાનું મોત

સુરતઃ વેલંજા ખાતે રહેતા અને નોકરી પર જતા પિતા પુત્રની બાઈકને અકસ્માત નડ્યો હતો. જેમાં પિતાનું મોત થયું હતું અને પુત્ર ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. મળેલી વિગત મુજબ, મૂળ ભાવનગરના નારી ગામના વતની 55 વર્ષીય રત્નકલાકાર વિનુભાઈ સવજીભાઈ જેતાણી હાલ વેલંજા ખાતે રામવાટિકા સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. તેમનો 18 વર્ષીય એક પુત્ર સાગર પણ રત્નકલાકાર તરીકે નોકરી કરે છે. શનિવારે સવારે પિતા પુત્ર સાથે બાઇક પર વરાછા માતાવાડી ખાતે હીરાના કારખાને નોકરી પર જતા હતા. તે વખતે ઉત્રાણ રોડ અબ્રામા ગામ પાસે સમજુબા ફાર્મની સામે પૂરપાટ હંકારતા ટેમ્પો ચાલકે બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજાને પગલે વિનુભાઈનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે પુત્ર સાગરને સામાન્ય ઇજા પહોંચી હતી.

પત્ની સાથેના ઝગડાથી કંટાળી યુવકનો આપઘાત

સુરતઃ કાપોદ્રામાં લગ્ન દોઢ વર્ષમાં યુવકે પત્ની સાથે થતા ઝઘડાઓથી કંટાળીને ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના નવી શોભાવડ ગામના વતની 22 વર્ષીય સુખદેવ ભુપેન્દ્રભાઈ બારૈયા હાલ કાપોદ્રા ખાતે આવેલી દયાળનગરમાં પરિવાર સાથે રહેતા હતા અને સ્કુલ વાહન ચલાવતો હતો. તેણે દોઢ વર્ષ પહેલા જ પ્રેમલગ્ન કર્યા હતા. ગત 10મીએ રાત્રે તેણે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનોએ તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન કાલે રાત્રે તેનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં તેનો પત્ની સાથે કોઈકને કોઈ બાબતને લઈ ઘરમાં ઝઘડાઓ થતા હતા. જે ઝઘડાઓથી કંટાળી આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

ભક્તોના હૈયામાં ઉમટ્યો છે જોશ, નગરચર્યાએ નીકળ્યા ઠાકોર

■ વેસુ સ્થિત ઇસ્કોન મેચ લેસ ગિફ્ટ સેન્ટર દ્વારા રવિવારે ભગવાન જગન્નાથજીની નીકળેલી ભવ્ય રથયાત્રામાં ભક્તિ અને ભક્તોની ધૂમ જામી હતી. બીજના દિવસે દર્શનથી વંચિત રહી ગયેલા ભક્તોએ ભગવાનના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. (તસવીરઃ સતીષ જાદવ)

વેસુમાં વાજતે-ગાજતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળી

અષાઢી બીજના દિવસે દર્શનથી વંચિત રહેલા ભાવિકોને રવિવારની રજામાં દર્શનનો લાભ મળે તે હેતુથી છેલ્લા 15 વર્ષથી અનોખી પરંપરા જળવાઈ

સુરત : વેસુ સ્થિત ઈસ્કોન મેચ લેસ ગિફ્ટ સેન્ટર દ્વારા રવિવારે ભગવાન જગન્નાથજીની ભક્તિમય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અષાઢી બીજના દિવસે વિવિધ સ્થળોએ નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રામાં કોઈ કારણોસર દર્શન ન કરી શકેલા ભાવિકોને રવિવારની જાહેર રજાના દિવસે ભગવાનના દર્શનનો લાભ મળી રહે તે શુભ હેતુથી આ વિશેષ રથયાત્રા દર વર્ષે યોજવામાં આવે છે. છેલ્લા 15 વર્ષથી અવિરત રીતે જળવાતી આ પરંપરા વેસુ વિસ્તારમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. સવારે ભક્તિમય વાતાવરણ વચ્ચે પૂજન-અર્ચન અને મંગળ આરતી બાદ ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીને સુશોભિત રથમાં બિરાજમાન કરાયા હતા. ત્યારબાદ હરિનામ સંકીર્તન, ભજન-કીર્તન અને જય જગન્નાથના ગગનભેદી નાદ વચ્ચે રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા અને માર્ગ ભરમાં ભગવાનના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. રથયાત્રા વેસુ વિસ્તારના વિવિધ મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાંથી પસાર થઈ હતી. અનેક સ્થળોએ સ્થાનિક રહીશો દ્વારા ભગવાનનું પુષ્પવર્ષા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ભક્તિમય માહોલ વચ્ચે મહિલાઓ, યુવાનો, વડીલો તેમજ બાળકો ઉત્સાહ પૂર્વક યાત્રામાં જોડાયા હતા. સમગ્ર માર્ગ પર ભજન-કીર્તન અને હરિનામ સંકીર્તનથી આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. આયોજકોના જણાવ્યા મુજબ અષાઢી બીજના દિવસે નોકરી, વ્યવસાય અથવા અન્ય કારણોસર રથયાત્રાના દર્શનથી વંચિત રહેલા લોકોને રવિવારના દિવસે સરળતાથી ભગવાનના દર્શન કરાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. આ ભાવનાને કેન્દ્રમાં રાખીને સંસ્થા છેલ્લા દોઢ દાયકાથી આ પરંપરાને સતત નિભાવી રહી છે, જેને વેસુ સહિત આસપાસના વિસ્તારોમાં ભાવિકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વેસુ વિસ્તારના વિવિધ માર્ગો પર પરિભ્રમણ પૂર્ણ કર્યા બાદ રથયાત્રા પુનઃ ઈસ્કોન મેચ લેસ ગિફ્ટ સેન્ટર ખાતે પહોંચી હતી. ત્યાં મહાઆરતી, પ્રસાદ વિતરણ અને ભક્તોના દર્શન સાથે સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

ઉનમાં આર્થિક સંકડામણમાં યુવકે ખાતાના ત્રીજા માળેથી પડતું મૂક્યું

સુરતઃ ઉનમાં આર્થિક સંકડામણમાં શ્રમજીવી યુવકે ખાતાના ત્રીજા માળેથી પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો.

મૂળ ઓરિસ્સા ગંજામના વતની ૨૨ વર્ષીય મુના જયા ગૌડા હાલ ઉન નાકા નવાબ રેસિડેન્સી રોડ મીત એન મીર કમ્પાઉન્ડમાં આવેલા સંચા ખાતામાં રહેતો હતો અને ત્યાં જ ખાતામાં કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. કાલે મુના નાઇટ શિફ્ટની નોકરી પર હતો.

દરમિયાન આજે વહેલી સવારે ૪:૩૦ વાગ્યાના અરસામાં તેણે ખાતાના ત્રીજા માળે બારીમાંથી કૂદી જઈ આપઘાત કરી લીધો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મુનાએ આર્થિક સંકડામણમાં આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ ભેસ્તાન પોલીસ કરી રહી છે.

ફિફા વર્લ્ડકપ ફાઇનલ વધારાના સમયમાં, મોટાભાગે સ્પેનનું પ્રભુત્વ

મેસીની ટીમે ગોલ પર એકેયે શોટ ન મારવાનો શરમજનક રેકોર્ડ બનાવ્યો

નિર્ધારિત સમયમાં એકેય ગોલ ન થતાં મેચ 30 મિનિટના વધારાના સમયમાં ગઇ

ઇસ્ટ રધરફોર્ડ, તા. 20 : ફિફા વર્લ્ડકપમાં આજે રવિવારે રાત્રે રમાયેલી ફાઇનલમાં સ્પેને પઝેશન અને શોટ્સ મારવાના પ્રયાસોની દૃષ્ટિએ પ્રથમ હાફમાં સંપૂર્ણ પ્રભુત્વ જાળવી રાખ્યું હતું, તેમ છતાં મેચ નિર્ધારિત સમયમાં 0-0થી બરાબરી પર રહ્યા પછી વધારાના ટાઇમમાં ગઇ હતી.

તેની આગવી શૈલી મુજબ, સ્પેને બોલને પોતાના નિયંત્રણમાં રાખ્યો હતો અને પ્રથમ હાફમાં આર્જેન્ટિના કરતા બમણા પાસ આપ્યા હતા. વર્લ્ડકપના ઇતિહાસની 23 ફાઇનલ્સમાં આ 9મી વખત હતું જ્યારે હાફટાઇમ સુધી સ્કોર 0-0 રહ્યો હોય. જ્યારે 1966 પછી પહેલી વાર, આર્જેન્ટિના ફિફા વર્લ્ડકપ મેચના પહેલા ભાગમાં એક પણ શોટ લેવામાં નિષ્ફળ ગયું. વર્તમાન ચેમ્પિયન માટે આ રમત ખરાબ રહી છે. આખા વર્લ્ડકપમાં પહેલી વાર એવું બન્યું છે કે કોઈ ટીમ બીજા હાઇડ્રેશન બ્રેક સુધી ગોલ પર એક પણ શોટ ફટકાર્યા વિના રમી હોય. મેચની 50મી મિનિટે સ્પેનનો ખેલાડી રોડ્રી મેદાનમાં નીચે પડ્યો હતો અને તેના કારણે સ્પેન અને આર્જેન્ટિનાના કેટલાક ખેલાડીઓ વચ્ચે ધક્કામુક્કી થઇ હતી. દાની ઓલ્મો પણ આ ઝપાઝપીમાં નીચે પડ્યો હતો.

કાપડ દલાલ અને વેપારીએ ભેગા મળી રૂ.૪૬.૯૦ લાખ ચાઉં કર્યા

ચાર અલગ-અલગ ફર્મમાંથી કરોડોના વાયદા આપી કરોડોનું ગ્રે-કાપડ ઉધાર મેળવી પેમેન્ટ ચૂકવ્યા વગર ફોન બંધ કરી દીધા

સુરત : જાણીતા કાપડ દલાલ અને એક પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડિરેક્ટરે પૂર્વ આયોજિત કાવતરું રચી એક વેપારીની ચાર જુદી-જુદી પેઢીઓમાંથી કુલ રૂપિયા ૪૬,૯૦,૩૧૨ ની કિંમતનો ગ્રે-કાપડનો માલ ઉધાર મેળવી, તેનું પેમેન્ટ ન ચૂકવી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કતારગામ કોઝવે રોડ પર શુકન રિવેરામાં રહેતા અને ઓલપાડ સાયણ રોડ પર આવેલી અર્જુન પાર્ક ઈન્ડસ્ટ્રીઝમાં સુખધામ ફેબ્રિક્સ, સુખધામ ટેક્ષફેબ, હરિધામ ટેક્સટાઈલ અને ગોકુલધામ ફેબ્રિક્સ નામથી ગ્રે-કાપડનું મેન્યુફેક્ચરિંગ કરતા જતિન ઘનશ્યામભાઈ સવાણી (ઉ.વ.૩૯) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે. જતિનભાઈ આ તમામ ફર્મનો વહીવટ રીંગરોડ સ્થિત કોહિનૂર ટેક્સટાઈલ માર્કેટની ઓફિસેથી સંભાળે છે. અંદાજે ત્રણ વર્ષ પહેલાં, તેમના વિશ્વાસુ કાપડ દલાલ હરીશ રાજકુમાર ભાર્ગવ (રહે. સરિતા વિહાર સોસાયટી, મગોબ) એ ઓફિસે આવીને વિશ્વાસ અપાવ્યો હતો કે 'સત્યમ ડીઝાઈન્સ પ્રા.લિ.' ના ડિરેક્ટર નિલેશ લક્ષ્મણભાઈ મંછાણી (રહે. લેન્ડમાર્ક એમ્પાયર, પુણા કુંભારીયા રોડ) ખૂબ જ ભરોસાપાત્ર વેપારી છે અને સમયસર વ્યાજ સાથે પેમેન્ટ ચૂકવી આપશે. દલાલની વાત પર ભરોસો રાખી જતિનભાઈએ શરૂઆતમાં વેપાર કર્યો, જેમાં સમયસર પેમેન્ટ મળ્યું હતું. જો કે, ત્યારબાદ ગત માર્ચ-૨૦૨૪ થી મે-૨૦૨૪ દરમિયાન નિલેશ મંછાણીની કંપનીએ જતિનભાઈની ચારેય ફર્મમાંથી કુલ રૂપિયા ૪૬,૯૦,૩૧૨ નું ગ્રે-કાપડ જીએસટી બિલ સાથે ઉધાર ખરીદ્યું હતું.

માલની ડિલિવરી મળ્યા બાદ પણ લાંબા સમય સુધી પેમેન્ટ ન ચૂકવાતા જતિનભાઈએ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વેપારી નિલેશ અને દલાલ હરીશે વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું અને બાદમાં પોતાના મોબાઈલ ફોન પણ બંધ કરી દીધા હતા. પેમેન્ટ મેળવવાની તમામ આશા ઠગારી નીવડતા આખરે ભોગ બનનાર વેપારીએ સલાબતપુરા પોલીસ મથકે કાપડ દલાલ હરીશ ભાર્ગવ અને વેપારી નિલેશ મંછાણી વિરૂદ્ધ છેતરપિંડીની કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

આજે સુરતીઓ તાપી માતાને 500 મીટરની ચુંદડી અર્પણ કરશે

કુબેરેશ્વર મહાદેવધામ ખાતે મહાઆરતી

સુરતઃ તાપીમાતાની સાલગીરી નિમિત્તે સાલગીરી નિમિત્તે કાર્યક્રમોની શરૂઆત સોમવારે વહેલી સવારે 5 વાગ્યે મહાદેવની પૂજાથી થશે. ત્યારબાદ સવારે 7 વાગ્યે માતા તાપીની આરતી અને વિશેષ પૂજન કરવામાં આવશે. સવારે 8 વાગ્યે કુંવારી કન્યાઓનું સન્માન કરી તેમને ભેટનું વિતરણ કરવામાં આવશે. સવારે વૈદિક બ્રાહ્મણોના મંત્રોચ્ચાર વચ્ચે વિશેષ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે,પાલ નદી કિનારેથી 151થી વધુ મહિલાઓ પરંપરાગત કળશમાં જોડાશે જે યાત્રા તાપ્તી કુબેરેશ્વર મહાદેવ મંદિરથી ઉમરા કિનારા સુધી પહોંચશે. સમગ્ર માર્ગ પર ભક્તો દ્વારા કળશ યાત્રાનું સ્વાગત કરવામાં આવશે.

સાંજે 4:30 વાગ્યે માતા તાપીનું વિશેષ પૂજન તથા ચુંદડી મનોરથ યોજાશે. આ પ્રસંગે માતા તાપીને અંદાજે 500 મીટર લાંબી ચૂંદડી અર્પણ કરવામાં આવશે.

જે સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બનશે. ભક્તો માતાના ચરણોમાં ચુંદડી સમર્પિત કરી પરિવાર, શહેર અને સમાજના સુખ-શાંતિ માટે પ્રાર્થના કરશે. સાંજે 7 વાગ્યે માતા તાપીની મહાઆરતી યોજાશે. આ આરતી સુરતના ચાર વિદ્વાન મહારાજો તથા ઉજ્જૈનથી પધારેલા એક મહારાજના સાનિધ્યમાં ગંગાઘાટ પર યોજાતી પ્રસિદ્ધ ગંગા આરતીની તર્જ પર કરવામાં આવશે.

કુરુક્ષેત્ર તીર્થધામ ખાતે ચુંદડી અર્પણ કરાશે

સંતો અને શહેરનાં સામાજિક, રાજકીય મહાનુભવોની ઉપસ્થિતિમાં સોમવારે સવારે ૯:૩૦ કલાકે પૂજ્ય મોટા સૂર્યોદય ઘાટ, કુરૂક્ષેત્ર તીર્થ ધામ, જહાંગીરપુરા ખાતે પૂજા અર્ચના અને આરતી કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટ દ્વારા થશે. તાપીનાં જન્મોત્તસવ નિમીત્તે આરતી અને ચુંદડી અર્પણ કરાશે.

તાપી વન્દનમ્ કાર્યક્રમ યોજાશે

તાપીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સુરત મહાનગર દ્વારા તાપી વંદનમ્ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નાના વરાછા સ્થિત તાપી સ્કૂલ, એમ.એન.જે. પટેલ હાઈસ્કૂલ તથા ધારૂકા કોલેજની બાજુમાં યોજાનારા આ કાર્યક્રમમાં સંઘના શિસ્તબદ્ધ સ્વયંસેવકો દ્વારા શૌર્ય અને શિસ્તનું પ્રતિક એવા આકર્ષક 'ઘોષ વાદન' (બેન્ડ પર્ફોર્મન્સ)ની રજૂઆત કરવામાં આવશે.

STMની ચૂંટણીમાં તમામ 17 બેઠક પર પ્રગતિ પેનલનો વિજય

STM માર્કેટની 127 કરોડની SMC લીઝનો મુદ્દો સત્તાધારી એકતા પેનલને નડી ગયો, જૂનાજોગીઓની કારમી હાર

સુરતઃ સુરતના કાપડ ઉદ્યોગના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી સુરતની પ્રથમ કાપડ માર્કેટ સુરત ટેક્સટાઈલ માર્કેટ (STM)ની મેનેજિંગ કમિટીની ચૂંટણી આજે યોજાઈ હતી. જેમાં તમામ 17 બેઠક પર પ્રગતિ પેનલનો ભવ્ય વિજય થયો છે અને વર્ષોથી મેનેજિંગમાં સ્થાન ધરાવનાર કાપડ વેપાર ઉદ્યોગના દિગ્ગજ આગેવાનોની એકતા પેનલના તમામ 17 ઉમેદવારની કારમી હાર થઈ છે. એકતા પેનલનું નેતૃત્વ રાજેન્દ્ર ઓરડીયા, હરબન્સલાલ અરોરા, ફુલચંદ રાઠોડ, કમલ વિજય તુલસિયાન, નરેન્દ્ર સાબુ સહિત તમામ મોટા ગજાના કરનાર વેપારી ચૂંટણી હારી ગયા છે.

વિજેતા ઉમેદવારો અને મળેલા મત

ઉમેદવારોના નામ	મત
હરિન્દ્રકુમાર હરિરામ સાહની	430
હરિશચંદ્ર કજોડીમલ જૈન	446
હેમંતકુમાર જી. જૈન (શાહ)	480
હિતેશ મોહનલાલ દોશી	438
ખ્યાલીલાલ એન. સિલોડિયા	423
કિશનસિંહ જોધસિંહ ઝાલા	402
લલિતકુમાર મોહનલાલ	466
મનીષ કાંતિલાલ જૈન	491
નીલમભાઈ કાંતિલાલ શાહ	368
પારસમલ ભંવરલાલ ચૌધરી	440
પારસમલ ખીમરાજજી જૈન	442
પરિમલ ચંદ્રકાંત જરીવાલા	414
રંગનાથ ઘનશ્યામદાસ સારડા	426
સોમપાલ દાસુરામ નારંગ	395
સુરેશકુમાર ડુંગરચંદ છાજેડ	382
વિકાસ રાજકુમાર ગુપ્તા	430

તા. 18 જુલાઈએ 20 પૈકી 17 સામાન્ય બેઠક માટે 34 ઉમેદવાર વચ્ચે સીધો ચૂંટણી જંગ ખેલાયો હતો. માર્કેટના કુલ 989 મતદારમાંથી 711 મતદારએ મતદાન કર્યું હતું. એમાંથી 37 મત રદ થયા હતા. 674 માન્ય મતની ગણતરી શરૂ થતાં બીજા રાઉન્ડથી જ સત્તાધારી એકતા પેનલના ઉમેદવારો પરિવર્તન લાવનાર પ્રગતિ પેનલથી પાછળ રહ્યા હતા. STM માર્કેટની SMC લીઝનો મુદ્દો સત્તાધારી એકતા પેનલને નડી ગયો, જે જૂનાજોગીઓની કારમી હારનું કારણ બન્યો છે. નવાઈની વાત એ છે કે, 90% વેપારીઓએ લીઝની રકમ જમા કરી દીધી હોવા છતાં વેપારીઓના એક મોટા વર્ગે ચૂંટણીમાં સત્તાધારી એકતા પેનલને બદલે પ્રગતિ પેનલને મત આપ્યા હતા. ચૂંટણીમાં પરિવર્તન પછી લિઝનો વિરોધ કરનાર પ્રગતિ પેનલનો ખરી કસોટી હવે શરૂ થશે.

ડિંડોલીની ગાયત્રીનગર-2માં લોકોને વેચાતું પાણી લેવાની નોબત

ચાર મહિનાથી પીવાનું પાણી અત્યંત ગંધાતું આવતી હોવાની ફરિયાદ

મનપાની આરોગ્ય વિભાગની ટીમ માત્ર નામ પૂરતી મુલાકાત લઈ ગઈ

સુરત : ડિંડોલી સાંઈ પોઈન્ટની સામે આવેલી ગાયત્રીનગર-2 સોસાયટીમાં છેલ્લા ત્રણથી ચાર મહિનાથી પીવાનું પાણી અત્યંત ગંદુ, પીળા રંગનું અને અસહ્ય દુર્ગંધ મારતું આવી રહ્યું હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી છે. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં આ ગંભીર સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેથી 200 જેટલા પરિવારોની હાલત કફોડી થઈ ગઈ છે. ગ